(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903]. Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૮૫૫/૨૦૨૩**
**આંક:– ૪૦**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

મારું નામ:– રોશનબેન પિતા/પતિનું નામ:– યુસુફભાઈ સીપાઈ

ઉ.વ.:– ૫૨

ધંધો:– ઘરકામ સરનામુ:– ભવાનીનગર ઢોરો, હળવદ જી.મોરબી

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

**(૧)** આ બનાવ ૦૩/૦૪/૨૩ નારોજ અમારી શેરીમા ભવાનીગર ઢોરામા પાણીના બોર પાસે આશરે સાંજના ત્રણ થી ચારના અરસામા બનેલ તે દિવસે હું તથા મારો દિકરો ઈમરાન સાંજના ચાર વાગ્યાના અરસામા હળવદ ગામમા કામ હોય જેથી ગયેલ હતા તે સમયે મારા પતિ યુસુફભાઈનો મારી ઉપર ફોન આવેલ અને જણાવેલ કે નજમા બજારમા જતી હતી ત્યારે અસબાઝે તેનો હાથ પકડેલ અને અકબર ઉર્ફે કાળાએ તેની છાતીમા હાથ નાંખેલ અને તેને છાતીના ભાગે ઢીકા મારેલ છે અને દેકારો થતા અવાજ સાંભળીને સદામ ત્યા ગયેલો ત્યારે અસબાઝે ધોકો લઈને સદામને ડાબીબાજુના ગાલના ભાગે તથા માથાના ભાગે તથા સાથળના ભાગે મારેલ છે અને તે સમયે સાહીસ્તા આવેલ અને આ લોકો ત્યાંથી બાઈક લઈને જતા રહેલ છે જેથી તમે આવો તેમ વાત કરતા હું તથા મારો દિકરો ઈમરાન ત્યાં ગયેલા અને જોયેલ તો સદામને ઈજાઓ થયેલ હતી જેથી અમે સરકારી હોસ્પિટલ હળવદ ખાતે સારવાર માટે લઈ ગયેલા અને ત્યાંથી અમે હળવદ પો. સ્ટે. પોલીસ ફરીયાદ કરવા ગયેલા. બનાવ અંગે નજમાએ પોલીસ ફરીયાદ આપેલી. આરોપીઓને જોયેથી ઓળખુ છુ જે આજરોજ કોર્ટમા હાજર નથી. આરોપીપક્ષે ઓળખની તકરાર નથી. મને મુદામાલ હથીયાર લાકડાનો ધોકો બતાવવામા આવે તો ઓળખી શકુ નહી. પોલીસે મારી પુછપરછ કરી નીવેદન નોંધેલ. મારા પતિ યુસુફભાઈ તથા મારા બંને દિકરા સદામ તથા ઈમરાન મરણ ગયેલ છે જેમના મરણના દાખલાની નકલ આજ રોજ રજુ કરુ છુ જે રજુ દાખલ અનુક્રમે **આંક–૪૧, ૪૨ અને ૪૩.**

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એમ.આર.ગોહીલ**

**(૨)** એ વાત ખરી છે કે આજુબાજુમા ઘણાબધા ઘરો આવેલા છે. એ વાત ખરી છે કે આજુબાજુમા જાહેર રોડ છે. એ વાત ખરી છે કે બનાવ સમયે હું ત્યાં હાજર ન હતી. એ વાત ખરી છે કે બનાવ સમયે હું હાજર ન હોય જેથી ત્યાં શુ બનેલ તે હું કહી શકુ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મને બનાવ બાબતે હકીકત મારી દિકરીએ જણાવેલ. એ વાત ખરી છે કે પોલીસ અમારા ઘરે આવેલ.

**ફેરતપાસ નથી.**

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૨૯/૧૧/૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે. મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*